દિવ્ય ભાસ્કર, ગાંધીનગર, આવૃત્તિ પેજ નં. - ૦૨
તારીખ :- ૨૮/૧૨/૨૦૨૪.

સિટી એન્કર **સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો સેવા શરૂ થાય તે પહેલાં તંત્ર દ્વારા સજાવટની કામગીરી શરૂ કરાઈ**

# મેટ્રો સ્ટેશન રંગબેરંગી ફુલોથી સજાવાશે, સમગ્ર મેટ્રો રૂટ પર પ્લાન્ટેશન શરૂ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગરમાં મેટ્રો રેલની પૂર્ણ રૂટની સેવાનો નવા વર્ષથી પ્રારંભ થવાનો છે ત્યારે મેટ્રો સેવા શરૂ થાય તે પહેલા મેટ્રો સ્ટેશન અને રેલનો સમગ્ર રૂટ સજાવવામાં આવી રહ્યો છે. રંગબેરંગી ફુલો અને પ્લાન્ટેશનથી સ્ટેશન અને રૂટનું બ્યુટીફિકેશન કરવામાં આવી રહ્યું છે. મેટ્રો ટ્રેકની નીચે ડિવાઈડરને ફેન્સીંગથી સુરક્ષિત કરીને તેમાં પ્લાન્ટેશનની કામગીરી થઈ રહી છે.

મેટ્રો રેલ તંત્ર દ્વારા સેક્ટર-24, સેક્ટર-16, અક્ષરધામ, અને મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનને રંગબેરંગી ફુલોથી સજાવવામાં આવ્યું છે. મેટ્રો સ્ટેશનના કોરીડોર, પેસેજ અને સીડી આસપાસ રંગીન ફુલોના કુંડા મુકવામાં આવ્યા છે. આ સાથે રૂટના ટ્રેકની નીચે ડિવાઈડરમાં દેશ- વિદેશના ઓર્નામેન્ટલ પ્લાન્ટસ પણ લગાવવામાં આવ્યા છે. આ કામગીરી મેટ્રો દ્વારા કરવામાં આવી રહી છે. બીજીતરફ મહાનગરપાલિકા દ્વારા પણ મેટ્રો રેલના રૂટ પર રોડ સાઈડ પર બ્યુટીફિકેશનના વિવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે.

મેટ્રો રેલમાં મુસાફરી કરતા મુસાફરોને મેટ્રો રેલની મુસાફરી સાથે આનંદદાયક અનુભવ થાય અને નાગરિકોને પણ ટ્રેકની નીચે પડતર ખુલ્લી જગ્યાને બદલે હરીયાળી જોવા મળે તે હેતુથી આ કામગીરી હાથ ધરવામાં આવી છે.

## મહાપાલિકા દ્વારા મેટ્રોના રૂટ પર બ્યુટીફિકેશનના પ્રોજેક્ટ હાથ ધર્યાં



મેટ્રો રેલ સેવા જાન્યુઆરીમાં શરૂ થવાની છે. તેને આવકારવાની આ પૂર્વ તૈયારીઓ ચાલી રહી છે. સૂત્રોએ કહ્યું કે નાગરિકોને મેટ્રો સાથે જોડવા અને આનંદદાયક અનુભૂતિના ભાગરૂપે મેટ્રો તંત્ર પણ સામાજિક દાયિત્વ નિભાવી રહ્યું છે.